| GJPM010016952026 | | | | |
|---|---|---|---|---|
| | કેસ રજુ તારીખ | ૨૨ –૦૫–૨૦૨૬ | | |
| | કેસ દાખલ તારીખ | ૨૨ –૦૫–૨૦૨૬ | | |
| | કેસ ફેંસલ તારીખ | ૨૧–૦૮–૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૨ | ૨૭ |

**Exh.-**

**<u>પંચમહાલ જીલ્લાના મે.સ્પે.જજ(પોકસો) અને બીજી એડીશ્નલ સેસન્સ કોર્ટ સમક્ષ,મુ.ગોધરા.</u>**

**જજમેન્ટ તારીખ : ૨૧/૦૮/૨૦૨૬**

**<u>સ્પે.(પોકસો) કેસ નં.૧૬/૨૦૨૬</u>**

ગોધરા તાલુકા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૭૦૨૬૦૧૦૧/૨૦૨૬
ભારતીય ન્યાયસંહિતાની કલમ ૭૫(૧),૭૫(૨),૭૬ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૧૨ મુજબ

| | |
|---|---|
| Complainant | ગુજરાત રાજય |
| Represented by | વિ.એપીપીશ્રી એમ.કે. દેશમુખ |
| Accused | પ્રકાશકુમાર ઉર્ફે પકલો લક્ષ્મણસિંહ પરમાર (વણકર), ઉ.વ.૨૫, ધંધો.ખેતી,<br>રહે. છાવડ, તા.ગોધરા. જી.પંચમહાલ. |
| Represented by | આરોપીના વિ.વ.શ્રી એમ.એ.મન્સુરી |

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | 06-02-2026 |
| Date of FIR | 07-02-2026 |
| Date of Charge sheet | 22-05-2026 |
| Date of Framing of Charges | 14-07-2026 |
| Date of commencement of evidence | 21-07-2026 |
| Date on which Judgment is reserved | 21-08-2026 |
| Date of the Judgment | 21-08-2026 |
| Date of the Sentencing Order, if any | -- |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Released on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Prakashkumar Laxmansinh Parmar | 23/2/26 | 2/3/26 | Sec.75(1),75(2),76 of BNS & Sec.12 of Pocso Act | Acquitted | - | - |

## ચુ કા દો

**૧.** ધી પોકસો એકટની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ ભોગબનનાર તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગ બનનારના સગાવ્હાલા ના નામના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે

**૨.** આરોપી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૭૫(૧), ૭૫(૨), ૭૬ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૧૨ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**૩.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી એ ભોગબનનારને તા.૬/૨/૨૦૨૬ ના કલાક ૧૭-૦૦ વાગ્યાના સુમારે મોજે છાવડ, ગુજરાતી નિશાળ પાસે, પરમાર ફળીયું, તા.ગોધરા. જી.પંચમહાલ ખાતે ફરીયાદીના ઘરે આવી ફરીયાદીની દિકરી ભોગબનનાર ઉ.વ.૦૯ વર્ષ ૧ માસ ૨૦ દિવસનાની સગીરવયની હોવાનું જાણવા છતાં ફરીયાદીની દિકરી ભોગબનનારને ફરીયાદીના ઘરની પાછળ ઢોરો બાંધવા માટે બનાવેલ ખુલ્લા કોઢીયામાં ભોગબનનારનો હાથ પકડી મોઢુ દબાવી ખેંચતાણ કરી શરીરે શારીરીક છેડછાડ કરી તેના શરીરે પહેરેલ લેંઘો જમણી સાઈડના પગ બાજુ નીચેની ફાડી નાખી ગુનો કરેલ છે.

**૪.** ભોગબનનારના પિતાએ શહેરા પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતા સત્તાધિકારીએ ગોધરા તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૨૬૦૧૦૧/૨૦૨૬થી આરોપી સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસના અંતે હાલના આરોપી સામે સ્પે.કોર્ટ, ગોધરામાં ભારતીય ન્યાયસંહિતાની કલમ ૭૫(૧), ૭૫(૨), ૭૬ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલું.

**૫.** આરોપી હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૪૯ અન્વયે બંને પક્ષને સાંભળી આંક–૬ થી આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૭૫(૧), ૭૫(૨), ૭૬ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૧૨ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, સમજાવતા આરોપી એ ગુનાનો ઈન્કાર કરેલો અને તે મતલબની આરોપીની પ્લી યાને નિવેદન આંક–૭થી નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદપક્ષના પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

**૬.** ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**LIST OF PROSECUTION WITNESS**

| Rank | Exhibit | Name | Nature of evidence |
|---|---|---|---|
| PW-1 | 08 | સુરેશકુમાર ધુમસિંહ વણજારા | આચાર્યશ્રી |
| PW-2 | 13 | ભોગબનનાર | ભોગબનનાર |
| PW-3 | 15 | ભોગબનનારની માતા | ફરીયાદી |
| PW-4 | 17 | ભોગબનનારના પિતા | સાહેદ |
| PW-5 | 21 | પ્રવિણ ખાતુજી અસોડા | તપાસ કરનાર અમલદાર |

## LIST OF PROSECUTION EXHIBITS

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Ex-9 /PW-1 | પોલીસ યાદી |
| 2 | Ex-10/PW-1 | ભોગબનનારના શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ |
| 3 | Ex-11/PW-1 | ભોગબનનારના જન્મના દાખલાની નકલ |
| 4 | Ex-14/PW- 2 | બી.એન.એસ.એસની કલમ ૧૮૩ મુજબનું નિવેદન |
| 5 | Ex-16/PW-3 | ફરીયાદ |
| 6 | Ex-22/PW-4 | ડે.હુકમ |
| 7 | Ex-23/PW-4 | સુચિપત્ર |
| 8 | Ex-24/PW- 4 | પંચો ફાળવવા કરેલ યાદી |
| 9 | Ex-25/PW- 4 | જીલ્લા વિકાસ અધિકારીશ્રીનો પત્ર |
| 10 | Ex-26/PW- 4 | પંચો ફાળવવા કરેલ યાદી |
| 11 | Ex-27/PW- 4 | પંચ ફાળવણી હુકમ |
| 12 | Ex-28 /PW-4 | સર્ટીફીકેટ |
| 13 | Ex-29/PW-4 | હેઝ વેલ્યુ રીપોર્ટ |
| 14 | Ex-30/PW-4 | સર્ટીફીકેટ |
| 15 | Ex-31/PW-4 | હેઝ વેલ્યુ રીપોર્ટ |
| 16 | Ex-32/PW-4 | પ્રમાણપત્ર |
| 17 | Ex-33/PW-4 | યાદી |
| 18 | Ex-34/PW-4 | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| 19 | Ex-35/PW-4 | ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર મેળવવા લખેલ પત્ર |
| 20 | Ex-36/PW-4 | ચીફ ઓફીસર કાલાવાડ નગરપાલીકાનો પત્ર |
| 21 | Ex-37/PW-4 | રજીસ્ટરના ઉતારાની નકલ |
| 22 | Ex-38/PW-4 | પ્રમાણપત્ર |

નીચે મુજબના દસ્તાવેજી પુરાવાને બચાવપક્ષના વિ.વ.શ્રીએ સંમતિથી આંકે પાડી પુરાવામાં વંચાણે લેવા સામે વાંધો નથી તે અંગે શેરો કરેલ છે.

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | 18 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 2 | 19 | આરોપીની શરીરસ્થીતીનું પંચનામું |
| 3 | 20 | ભોગબનનારનું એમ.એલ.સી. |
| 4 | 39 | ભોગબનનારની તપાસણીના કેસ પેપર્સ |
| 5 | 40 | ભોગબનનારના લેબોરેટરીના પેપર્સ |

## Material Objects:

| Sr. No. | Material Obj. No. | Description |
|---|---|---|
| 1 | MO-1 | – |
| 2 | MO-2 | – |

**૭.** ફરીયાદપક્ષે આ સીવાય અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઇ પુરાવો કરવા માંગતા ન હોવાનું આંક–૪૧થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

૮. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થવા બાદ બી.એન.એસ.એસની કલમ ૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપી એ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુનો તેઓએ કરેલ નથી, તેઓની સામે ખોટી ફરીયાદ અને ચાર્જશીટ કરવામાં આવેલ છે.

૯. આરોપીપક્ષે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કોર્ટના સાક્ષી તરીકે કોઇ વ્યકિતને તપાસેલા નથી.

**૧૦.** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.કે.દેશમુખની મૌખીક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વ.શ્રી એમ.એ.મન્સુરી દલીલો સાંભળી.

**૧૧.૧** વિ.એ.પી.પી.શ્રીની દલીલ એવી છે કે, આચાર્યશ્રીની જુબાનીમાં તેમની શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ રજુ કરેલ છે અને તે મુજબ રજીસ્ટરના અનુક્રમ નં.૪૪૮૮થી ભોગબનનારની જન્મ તા.૧૭/૧૨/૨૦૧૬ની નોંધવામાં આવેલી છે અને તે મુજબ રજીસ્ટરના અનુક્રમ નં.૪૪૮૮થી ભોગબનનારની જન્મ તા.૧૭/૧૨/૨૦૧૬ની નોંધવામાં આવેલી છે. જેથી, ભોગબનનારની જન્મ તા.૧૭/૧૨/૨૦૧૬ની હોવાનું પુરવાર થાય છે.

**૧૧.૨** તેમની વધુમાં દલીલ એવી છે કે, આ કામે ભોગબનનારનું બી.એન.એસ.એસની કલમ ૧૮૩ મુજબનું નિવેદન જોતાં હાલના આરોપીએ ભોગબનનારનું મોઢું પકડીને ઢાડીયામાં લઇ ગયેલ અને તેની માતા જોઇ જતા નાસી ગયેલાનું અને તેણીના કપડાં ફાડી નાખેલ હોવાનું ભોગબનનારે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ લખાવેલ નિવેદનમાં જણાવેલ છે. આમ, ભોગબનનારનું આ નિવેદન જોતાં ફરીયાદ હકીકતને સ્પષ્ટ સમર્થન મળે છે . જેથી ફરીયાદ હકીકત પૂરવાર થાય છે.

**૧૧.૩** તેમની વધુમાં દલીલ એવી છે કે,તપાસ કરનાર અમલદારની જુબાનીથી ફરીયાદને સમર્થન મળે છે અને તેથી ભોગબનનાર સાથે બનાવ સમયે આરોપીએ તેણીનું મોઢું દબાવી ખેંચતાણ કરી શારીરીક છેડછાડ કરી, તેણીનો લેંઘો જમણી સાઇડના પગ બાજુ નીચેથી ફાડી નાખેલ હોવાનું પુરવાર થાય છે. જેથી, આરોપી વિરૂધ્ધ ફરીયાદ નિ:શંકપણે પૂરવાર થાય છે.

**૧૧.૪** તેમની વધુમાં દલીલ એવી છે કે, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં ફરીયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરી શકેલ છે જેથી આરોપીને તકસીરવાન ઠરાવવો જોઇએ.

**૧૨.૧** આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે,ભોગબનનારનો પુરાવો જોતાં તેણીએ જણાવેલ છે કે કોઇ ઇસમે તેની સાથે જબરજસ્તી કરી તેનો લેંગો ફાડી નાખેલ હોય તેવું બનેલ નથી તેમજ તેણી આરોપીને

ઓળખતી નહી હોવાનું જણાવેલ છે. જેથી ભોગબનનારનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને સમર્થન મળતું નથી અને તેથી તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં.

**૧૨.૨** તેમની વધુમાં એવી દલીલ છે કે, ભોગબનનારની માતા–ફરીયાદીનો પુરાવો જોતાં તેણીએ શંકાના આધારે હાલની ફરીયાદ આપેલાનું જણાવેલ છે તેમજ તેણીએ બનાવ હકીકતને સમર્થન કરેલ નથી. ફરીયાદીની ઉલ્ટતપાસમાં તેણીએ કબુલ કરેલ છે કે ગેરસમજના કારણે ફરીયાદ આપેલી અને પોલીસે તેમની જાતે ફરીયાદ લખી લીધેલ અને તૈયાર ફરીયાદમાં તેની સહી લીધેલી અને પોલીસે તેણીને ફરીયાદ વાંચી સંભળાવેલ નહી હોવાનું સ્વીકારેલ છે અને તેથી ફરીયાની જુબાની વિશ્વસનીય ના હોય તેની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**૧૨.3** તેમની વધુમાં એવી દલીલ છે કે, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઇએ.

**૧૩.** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થયેલ છે.

**<u>મુદ્દા</u>**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ વખતે ભોગબનનાર અઢાર વર્ષથી ઓછી ઉંમરના હતાં?

૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી એ ૬/૨/૨૬ ના રોજ કલાક ૧૭–૦૦ વાગ્યાના સુમારે મોજે છાવડ ગામે ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર ૭.૯ વર્ષ ૦૧ માસ ૨૦ દિવસનીને સગીરવયની હોવાનું જાણવા છતાં ફરીયાદીના ઘરની પાછળ કોઢીયામાં હાથ પકડી મોઢુ દબાવી ખેંચતાણ કરી શારીરીક છેડછાડ કરી તેના શરીરે પહેરેલ લેંઘો જમણી સાઇડના પગ બાજુ નીચેથી ફાડી નાખી, ભારતીય ન્યાયસંહિતાની કલમ ૭૫(૧),૭૫(૨),૭૬ તથા ધી પોકસો એકટની કલમ ૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૩. શું હુકમ ?

**૧૪.** ઉપરોકત મુદ્દા પરત્વેનો નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

## –: **કા ર ણો** :–

**મુદ્દા નં.૧ :–**

**૧૫.** આ કામે રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતાં આરોપી સામે પોકસો એકટ અન્વયેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ હોય જેથી બનાવ સમયે ભોગબનનાર સગીરવયના હતા તેવું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સાહેદ નં.૧ ભોગબનનારની શાળના આચાર્ય સુરેશભાઇ ધુમસિંહ વણઝારાને આંક–૮ થી તપાસેલા છે. જેઓની જુબાની ધ્યાનમાં લેતાં ભોગબનનારને ધોરણ–૧માં તેમની શાળામાં તા.૧૮/૬/૨૨ ના રોજ પ્રવેશ આપવામાં આવેલ અને ભોગબનનારની જન્મ તા.૧૭/૧૨/૧૬ હોવાનું જણાવી આંક–૯ થી ૧૧ સુધીના દસતાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ બચાવપક્ષે મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તે સંજોગોમાં ફરીયાદપક્ષે રજુ કરેલ ઉપરોકત પુરાવાથી વિરૂધ્ધનું સાબીત થાય તેવો કોઇ પુરાવો આરોપી તરફે રજુ થયેલ ન હોય જેથી ભોગબનનારની જન્મ તા.૧૭/૧૨/૨૦૧૬ ન હોવાનું માનવાને કારણ જણાતું નથી તે સંજોગોમાં બનાવ તા.૬/૨/૨૦૨૬ ના રોજ ભોગ બનનાર સગીરવયની હોવાનું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ હોવાનું માની મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨–૩ :–**

**૧૬.** પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતાં આરોપી સામે ભારતીય ન્યાયસંહીતાની કલમ–૭૫(૧),૭૫(૨),૭૬ તથા પોકસો એકટની કલમ–૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ

છે જે અનુસંધાને ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં સાહેદ નં.ર ભોગબનનારને ફરીયાદપક્ષે આંક–૧૩થી તપાસેલ છે જેઓની જુબાની ધ્યાને લેતાં બનાવ સમયે ભોગબનનાર ધોરણ–૪ માં અભ્યાસ કરતી હતી અને બનાવના દિવસે તેમના કાકાની દિકરી અને ભોગબનનાર બંને રમતા હતા તે દરમ્યાન ઢાળીયામાં લેંઘો ફસાઇ ગયેલ અને ફાટી ગયેલ આ સિવાય બીજુ કાંઇ બનેલ નહી તેમ જણાવેલ છે.વધુમાં ભોગબનનારે કોઇ ઇસમે તેણીની સાથે જબરજસ્તી કરી લેંઘો ફાડી નાખેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવેલ છે અને સદર સાહેદની જુબાનીમાં બી.એન.એસ.એસની કલમ ૧૮૩ મુજબનું નિવેદન પણ રજુ થયેલ છે પરંતુ ભોગબનનારે તેમની જુબાનીમાં બનાવની હકીકતને સમર્થન આપેલ નથી. વધુમાં સાહેદ નં.૩ ભોગબનનારના માતાની આંક–૧૫ની જુબાનીમાં તેઓએ બનાવ વખતે ભોગબનનાર તેની જેઠની દિકરી સાથે રમતી હતી અને તે દરમ્યાન તેણીનો લેંઘો ફાટી ગયેલ હતો અને આ લેંઘો કેવી રીતે ફાટી ગયેલો તેની ખબર નહી હોવાનું અને શંકાના આધારે આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલાનું જણાવી આંક–૧૬ થી ફરીયાદ રજૂ કરેલ છે. જો કે બનાવના દીવસે ભોગબનનારનો લેંઘો ફાટી ગયેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવે છે. વધુમાં સાહેદ નં.૪ ભોગબનનારના પિતાની આંક–૧૭ ની જુબાનીમાં બનાવની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી ફરીયાદપક્ષે તે બંને સાહેદોને ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ નથી ઉલ્ટાનું બચાવપક્ષની ઉલટતપાસમાં બનાવની ફરીયાદ ગેરસમજના કારણે આપેલ હોવાનું સ્વીકારેલ છે તેમજ ફરીયાદીએ તૈયાર ફરીયાદમાં સહી કરેલ હોવાનું સ્વીકારેલ છે.આમ, ઉપરોકત સાહેદોની જુબાની જોતાં ભોગબનનાર તથા તેમના માતાપીતાએ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ નથી અને ભોગબનનારના માતાપીતા ફરી ગયેલા જાહેર થયેલ છે તે સંજોગોમાં આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય જેથી ઉપરોકત ત્રણે સાહેદોના પુરાવા થકી આરોપી સામે નો કેસ વ્યાજબી શંકારહીત પૂરવાર થયેલ નથી.

**૧૭.** વધુમાં આ કામે આંક–૧૮ થી આંક–૨૦ સુધીના અનુક્રમે પંચનામા તથા મેડીકલ સર્ટીફીકેટને બચાવપક્ષે આંકે પાડી વંચાણે લેવા સામે વાંધો ન હોવાનો તેવો શેરો કરી કબુલ કરવામાં આવેલ છે. જો કે જયારે ભોગબનનાર તથા તેમના માતાપિતાએ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ ન હોય તે સંજોગોમાં ઉપરોકત દસતાવેજી પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી.

**૧૮.** ફરીયાદપક્ષે સાહેદ નં.૪ પી.આઇ.પ્રવીણ ખાતુજી અસોડાની આંક ૨૧ ની જુબાનીમાં તેઓએ કરેલ કાર્યવાહીને દોહરાવી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ છે અને આંક ૨૨ થી આંક ૩૮ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે પરંતુ ઉપરોકત પોલીસ સાહેદે ફરીયાદપક્ષને સમર્થન આપેલ હોવા છતાં જયારે ભોગબનનાર તથા તેણીના માતાપીતાએ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલું ન હોય તેમજ આરોપીને ગુના સાથે સાંકળતો કોઇ જ પુરાવો રજુ થયેલ ન હોય ત્યારે ઉપરોકત પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપી સામેનો કેસ વ્યાજબી શંકારહીત પુરવાર થયેલાનું માની શકાય નહી.

**૧૯.** આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ભોગબનનાર તથા તેણીના માતાપીતાએ આરોપી સામે ગુના સાથે સાંકળતી કોઇ હકીકત જણાવેલ નથી અને આરોપી સામે પુરાવો આપેલ ન હોય તે સંજોગોમાં આ કામના આરોપીએ બનાવ સમયે ભોગબનનાર સગીરવયની હોવાનું જાણવા છતાં ફરીયાદીની ભોગબનનાર દીકરીને ફરીયાદીના ઘરની પાછળ ઢોરો બાંધવા માટે બનાવેલા ખુલ્લા ઢાળીયામાં ભોગબનનારનો હાથ પકડી, મોઢુ દબાવી ખેંચતાણ કરી, શારીરીક છેડછાડ કરી ભોગબનનારે પહેરેલ લેંઘો જમણી સાઇડના પગ બાજુથી કાઢી નાખી ગુનો કરેલ હોવાનું વ્યાજબી શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.તે સંજોગોમાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ સ્પષ્ટ અને નકકર પુરાવાથી વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, મુદ્દા **નંબર–૨** નો ઉત્તર **નકારમાં** આપી **મુદ્દા નંબર ૩** અન્વયે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: આખરી હુ ક મ ::-**

**(૧)** આ કેસના આરોપી પ્રકાશકુમાર ઉર્ફે પકલો લક્ષ્મણસિંહ પરમાર (વણકર), રહે. છાવડ, તા.ગોધરા. જી.પંચમહાલ વાળાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૮(૧) અન્વયે તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૫(૧),૭૫(૨),૭૬ તથા પોકસો એકટની કલમ-૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુના ના-સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ અન્વયે હુકમ કરવામાં આવે છે કે, આ ચૂકાદા સામે અપીલ/ રીવીઝનનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે સંબંધે આરોપીની હાજરી ઉપલબ્ધ થાય તે માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) પુરાવામાં સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા અને આરોપીએ આપેલ આ જામીનખત તથા જાત મુચરકા આ હુકમથી ૦૬ માસ સુધી અસ્તિત્વમાં રહેશે.

આ હુકમ આજરોજ **તા:૨૧, માહે:ઓગષ્ટ , સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧/૮/૨૦૨૬.
ગોધરા.

( બીપીન કે. બારોટ )
જીજે-૦૦૫૬૬
સ્પેશ્યલ જજ (પોકસો)અને
બીજા એડી.સેશન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.

SST